# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન · જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૪૪ ● સળંગ અંક : ૧૪૯ ● તા.૧૭ એપ્રિલ થી ૨૩ એપ્રિલ ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# જીવનની સમી સાંજનો સહારો એટલે ગદગની 'જીવન સંધ્યા' સુખાલય




SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જિંદગીને ચાહો ને માણો

આપણી જિંદગી ભગવાનની શ્રેષ્ઠ અને અમૂલ્ય ભેટ છે. તેને આનંદપૂર્વક માણીને પસાર કરવી જોઈએ. મળેલી એક એક પળને ખુશી ખુશીથી જીવી ભગવાને આપણને આપેલી આ જિંદગીને બદલે રિટર્ન ગિફ્ટ આપવી દેવી જોઈએ. જન્મથી મૃત્યુ પર્યંતની પળે પળ જે આપણે વ્યતીત કરીએ છીએ તેની પાછળનો આશય તો જીવનનો આનંદ માણવાનો છે. તે સારી રીતે વ્યતીત થાય, યાદગાર થાય એજ સાચી ખુશી છે. આનંદ અને કિલ્લોલ નાદથી ઈશ્વરની મળેલ ભેટ એટલે કે આપણું જીવન હસી ખુશીના માહોલમાં વીતે એ નસીબદાર કહેવાય છે અને એ આપણે થઈને રહીએ. જીવનની નાની નાની પળો મોજથી માણીએ, હસી હસીને માણીએ કે જિંદગી પણ આપણી પર આફરીન થઈ જાય અને સંકટ, આપદા તથા અઘટિત પળો આપવા માટે આપણને બાકાત કરી દે.

ભાગદોડ ભરી જિંદગીમાં બે ચાર પળ સ્વ માટે કાઢવી જરૂરી છે. જિંદગીની ઝડપી ગતિને અટકાવી કેટલીક પળો સ્વાનંદ માટે માણીએ તો એની મોજ અવર્ણનીય આવવાની પોતાની શોખને નવજીવન આપી કંઈ નવું કંઈ લાભપ્રદ બનાવીએ. અન્યોની ઈચ્છાઓની ખેવના સતત કરતા રહેવા કરતા પોતાના અંતરના અવાજની કાળજી કરીએ, દરકાર કરીએ તો જીવવાનો આનંદ અઢળક મળવાનો.

રાત દિવસ સતત કામમાં ખૂંપેલા રહેવાથી અને ગમે તેવું મુશ્કેલ કાર્ય હશે પણ તેને હું પાર પાડીશ એવો દ્રઢ નિશ્ચ કરવા પછી કામ નિપટાવાનો આનંદ અગણિત મળશે. સદૈવ મનની ગમતી ક્રિયા, કર્મ કરવાથી, પ્રવૃત્તિમાં રત રહેવાથી આપણી અંદર રહેલ કળા, હુન્નરને ઉત્તેજન મળે છે તેને જીવંત કરવાનો માહોલ મળે છે. મુશ્કેલીઓ આવે તેની સામે હાથ અને હાલ મૂકી દેવાથી માત્ર હતાશા મળવાની છે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ માનવી મુશ્કેલીમાં અડીખમ, અડગ અને હિંમતભેર રહે તો સાચા હીરાની જેમ ચમકી ઉઠે છે.

જીવનની મુશ્કેલીઓની ક્યારેય ફરિયાદ ન કરવી. કારણ કે મોટું કાર્ય કુદરત જેની ઉપર અતૂટ ભરોસો હોય એની હસ્તક સોંપે છે. દુ:ખ દર્દ આવવા એનાથી નાસીપાસ થવાની જરૂર નથી કરાણ કે કેટલી સમસ્યાઓ આપણા ધૈર્યની, હિંમતની અને આંતરિક શક્તિની ધાર કાઢવા, એની અજમાયશ કરવા જ આવતી હોય છે. જીવનના દુ:ખો તો અનેક હોય છે પણ તેને ટાળવાના, તેને હટાવવાના રસ્તાઓ અઢળક હોય છે. જરૂર હોય છે હિંમત રાખી તેને શોધવાની આ રસ્તો તેને મળે છે જે તેને શોધવાનું કષ્ટ કરે છે.

જીવનનો આનંદ જિંદગીને માણીને લેવાનો છે. નહીં કે તેનો તણાવ મન પર લઈને. જિંદગીને ચાહતા હશું તો તણાવ આપોઆપ હટી જશે, દૂર થઈ જશે. માટે જિંદગીને ભરપૂર ચાહો અને એ રીતે એને માણો કે જાણે દરેક દિવસ આયુષ્યનો છેલ્લો દિવસ છે.

–જય જ્ઞાતિમૈયા

# જેવું વાવો તેવું લણો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

કુદરતનો નિયમ છે જેવું કર્મ કરીએ તેવું ફળ પ્રાપ્ત થાય છે. લીંબડો વાવીએ તો આંબો ન પાકે. કડવું રોપ રોપીએ તો તેના ફળ આવે ત્યારે કડવા જ હોય એ મીઠા ન જ હોય એ દેખીતું છે. માટે સમજી વિચારીને કર્મ કરવા જેથી તેના જે ફળ મળે એ આપણને ગમતા મળે. બીજું કહ્યું છે ઉતાવળે આંબા ન પાકે. આંબો વાવીએ તે પછી ધીરજ ધરવી જોઈએ. ઝાડની દેખભાળ, સાર સંભાળ માવજત કરવી અને ધૈર્ય દાખવવાથી તેના ફળ મીઠા મળે છે ને મીઠા લાગે છે.

આપણા સુખ અને દુઃખ સર્જનાર કુદરત છે. તેણે જે નિર્ણય કર્યો છે એ આપણા હિતમાં છે એવું સમજવું જોઈએ અને તેને આવકારવું જોઈએ. કુદરતની વિરૂધ્ધ માનવી કૃત્ય કરે છે તેનું વિપરીત પરિણામ માનવ ભોગવે છે. ધરતીકંપ, પૂર, દુષ્કાળ કોમી આંદોલન જેવા બનાવો માટે કુદરત જવાબદાર છે તેના કરતાં મનુષ્ય ખુદ જવાબદાર વધુ છે. મનુષ્ય પાપ આચરે છે તેનો જવાબ પ્રકૃતિ આફત ને આપદાના રૂપમાં માનવીને આપે છે.

માનવી સ્વાર્થી થઈ ગયો છે. અન્યને મળેલ સુખને તે જોઈ શકતો નથી,સહન કરી શકતો નથી. એટલે ઈર્ષા, અદેખાઈ અને અન્યના જીવનમાં રહેલી શાંતિ તે સ્વીકારી શકતો નથી. માનવીના મનમાં રહેલી ઈર્ષ્યા, અસૂયા, ખરાબ દાનત જેવી નકારાત્મક લાગણીઓ વિરાટ સ્વરૂપ ધારણ કરે છે તે તેનો બદલો પ્રકૃતિ વિરાટ આપદા સર્જીને વાળે છે. જેમાં જાન, માલની અમૂલ્ય હાનિ સર્જાય છે. માટે દુઃખ દર્દનું કારણ આપણે મનમાં જ સમાવી લઈએ તો આપણે અંદરથી નિર્મળ થશું જેનાથી બીજાઓ આપણી સાથે સરળ વ્યવહાર કરતા થશે. એકવાર સંબંધ સુધરશે તો આગળ જતા સરળ, સાફ નિયતના સંબંધ કેળવાશે.

આપણા કર્મ આપણને મળનારું ફળ નક્કી કરે છે. મોટા ભાગના લોકો બેફિકરા થઈ અત્યારે કંઈ ખોટું કરશું તો તાત્કાલિક ફળ થોડા મળવાના છે અને મળશે ત્યારે જોઈશું એવી દલીલ એવો મિથ્યા અભિગમ ધરાવે છે અને ખરાબ કર્મોની વણઝાર રચે છે. ત્યારે 'જેવું વાવો તેવું લણો' એ ઉક્તિ અનુસાર જ્યારે કર્મના ફળ મળતાં થાય છે ત્યારે હકીકતનું ભાન થાય છે. પણ એ સુધારવાનો વખત આપણા હાથમાં રહેતો નથી. એટલે પછી જે મળ્યું એ કોઈપણ ભોગે સ્વીકારવું પડે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જીવનની સમી સાંજનો સહારો એટલે ગદગની 'જીવન સંધ્યા' સુખાલય

'સુખી જીવનની શરૂઆત સાંઈઠ વર્ષની ઉંમરે' એવી ટેગ લાઈન ધરાવતા શ્રીમતી મણિબાઈ કાંતિલાલ શાહ મૈશેરી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વયસ્કજનોનો આશરો, આધાર સ્થાન એટલે પંચમુખી હનુમાન મંદિર સામે, ગણેશ (બેંકર) કોલોની, ઓફ હુબલી રોડ, ગદગ-૫૮૨૧૦૩ સ્થિત જીવન સંધ્યા-સુખાલય, જેના ફોન નં.૦૮૩૭૨-૨૩૬૩૦૮ છે.



**મણીબેન મૈશેરી-જખૌ**
**સ્થાપક પ્રમુખ**



જીવનમાં દરેક પ્રસંગો સમય અને સંજોગો અનુસાર આપોઆપ ઘટતા સર્જાતા હોય છે. જે અણધારી રીતે થઈ સુખદ સંજોગોનું નિર્માણ કરે છે. તેની ઉપર જ્યારે નિરાંતે મનન, વિચાર કરીએ ત્યારે અહેસાસ થાય કે જરૂર આવા યોગાનુયોગ પ્રસંગો ઈશ્વર નિર્ધારિત જાણે ન હોય? આવું જ કર્ણાટક રાજ્યના ગદગ શહેરમાં જીવન સંધ્યા-સુખાલયનું નિર્માણ થવું એ પણ એક આવું જ યોગાનુયોગ ગણી શકાય.

આપણી ઈન્ડિયન રેવેન્યુ સર્વિસ માં ૧૯૭૨ થી જોડાયેલ અને ચીફ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સના પદે થી ૨૦૦૭ માં નિવૃત્ત થનાર એવા તિલકચંદ કુંવરજી લોડાયાની જન્મભૂમિ, કર્મભૂમિ અને કેળવણી ગદગમાં થયેલ છે. વર્ષ ૧૯૮૮ના વેકેશનમાં માતા, પિતા અને ભાઈ બહેનોને મળવા મદ્રાસથી ગદગ આવ્યા. તે સમયે તેમની મુલાકાત શ્રીમતી મણિબેન કાંતિલાલ શાહ-મૈશેરી સાથે યોગાનુંયોગે થઈ. તેઓ તેમને બચપણથી ઓળખતા હતા. વાત વાતમાં તેમને જણાવ્યું કે તેઓ રૂપિયા ત્રણ લાખનું દાન (એ સમયે, ત્રેંતીસ વર્ષ પહેલાની રકમ) કરવા ઈચ્છે છે. ક્યા ઉદ્દેશ માટે વાપરવી એ તેઓએ તિલકભાઈની મુનસફી પર છોડી.



તિલકભાઈ માટે આ મુશ્કેલીની ઘડી હતી. કારણ કે દાતાનું દાન લેખે લાગે વ્યર્થ ન જાય અને ઉતરોતર સમાજને ઉપયોગી પણ થાય. એવી પ્રવૃત્તિનું ચયન કરવું. તેઓ છ મહિના સતત સામાજિક કાર્યકરો સાથે વિચાર વિમર્શ કર્યો અને ગહન વિચાર મંથન પછી એવા નિષ્કર્ષ પર આવ્યા કે ભવિષ્યની કુટુંબ વ્યવસ્થાને લક્ષમાં રાખી વડીલોને પાછલી ઉંમરે સુખ, શાંતિ અને આશરો મળી રહે એ માટે સુખાલય બનાવવું. આ પ્રોજેક્ટ દાતા પાસે મૂક્યો. મણિબેન મૈશેરીને આ વિચાર ગમ્યો અને એ માટે સંમતિ દર્શાવી અને ત્યારથી શરૂઆત થઈ જીવન સંધ્યા પ્રોજેક્ટની. આ માટે ૪૦ હજાર સ્કે.ફૂટથી વધુ જમીન ગદગમાં ખરીદ કરી. અત્રેનું હવામાન તંદુરસ્તી માટે અનુકુળ છે. વાહન વ્યવહારની સગવડ સારી છે. આપણા જૈન, ગુજરાતી, રાજસ્થાની સમાજની વસતી પણ છે. અત્રેની સ્થાનિક પ્રજા પણ પ્રમાણમાં શાંત અને સહયોગી સ્વભાવની છે. કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજનો પાસેથી ૪૦ લાખ ભેગા કરી અદ્યતન સગવડ ધરાવતું સુખાલય બાંધકામ નિર્માણનું પ્રારંભ થયું. આજે ત્રણ દાયકા ઉપરાંત વર્ષોથી આ સંસ્થાનું ઉતમ અને સફળ રીતે સંચાલન થઈ રહ્યું છે.

ચાર વર્ષ અગાઉ એક વધારાનો માળો બાંધયા પછી એટેચ બાથરૂમની વ્યવસ્થા ધરાવતા ડબલ બેડના ૩૦ રૂમ છે. ઉપરાંત હાલમાં સંસ્થાએ નવા ૧૫ રૂમ ડબલ બેડ ધરાવતા બંધાવ્યા છે. દરેક રૂમમાં બે અલગ અલગ કબાટ છે. આ સિવાય જરૂરિયાતનું ફર્નિચર છે. રૂમમાં મોટી બારી છે. જેમાં મચ્છર અવરોધક જાળી લગાવેલ છે. પૂજા, ધર્મ ધ્યાન, સભા, વ્યાખ્યાન માટે એક વર્તુળાકાર મોટો હોલ છે. તે સિવાય અદ્યતન ડાયનિંગ હોલ અને રસોડું છે.

# જીવનની સમી સાંજનો સહારો એટલે ગદગની 'જીવન સંધ્યા' સુખાલય



સવારના ગરમ નાસ્તો, બપોરે ભોજન, બપોરની ચા અને ચવાણું તથા સાંજે જમણ આપવામાં આવે છે. દરેક રૂમમાં થોડી ખાવાની ચીજો આપવામાં આવે છે. મોસમી ફળો આપવામાં આવે છે. બે મહિનાથી વધારે પાકી કેરી કે આંબા આપવામાં આવે છે. અવાર નવાર મિષ્ટાન પીરસવામાં આવે છે. રસોઈ ન ફાવે તો ક્યારેક અલગથી ગરમ રોટલી આપવામાં આવે છે. દર માસે એક બોટલ હેર ઓઈલ અને નહાવાનો સાબુ અપાય છે. સુખાલય ગદગ ગામની વચ્ચે આવેલું છે એટલે મંદિરોના દર્શન કરવા કે સગાં વહાલાઓને મળવા જવાની છૂટ છે.



સવાર, સાંજ ફરવા, કસરત કરવાની સૂર્ય પ્રકાશમાં બેસવાની વ્યવસ્થા કમ્પાઉન્ડમાં છે. બહારગામથી રહેવાસીઓના સગાં વહાલાંઓ મળવા આવે તો એમની રહેવાની વ્યવસ્થા સુખાલયમાં જ થાય છે. સોલારનું અને ગીઝરનું ગરમ પાણી મળે એની વ્યવસ્થા છે. કપડાં ધોવા અને ઝાડુ પોતા માટે કામવાળી બાઈઓ છે જે દરરોજ પોતાનું કામ યોગ્ય રીતે પૂરું કરી સફાઈ જાળવે છે અને પરિસર સાફ સુથરું રાખે છે. દરેક નિવાસીઓના જન્મદિવસની ઉજવણી સાથે થાય છે. નાની મોટી વૈદ્યકીય સારવાર ઈલાજની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જે સૌની તંદુરસ્તી જાળવા માટે મદદરૂપ થાય છે અને નિરોગીતા જળવાય છે.

ભોજનનું નવું મેનુ કાર્ડ મુંબઈના પ્રખ્યાત પ્રતાપ કેટરર્સની સલાહથી બની રહ્યું છે. હજી નવી સુવિધાઓ આપવાની વિચારણા નિર્ણાયક તબક્કે છે. અત્રેનું માસિક ખર્ચ બહુ નજીવું છે. પગથિયા ચડ ઉતરવાની માથાકૂટ ઓછી છે.

૬૦ વર્ષથી વધારે ઉંમરવાળાઓને અને ફક્ત શાકાહારીઓને પ્રવેશ તથા જૈન અને ગુજરાતીઓની પ્રથમ પસંદગી અપાય છે.

અત્રેના સંચાલક ટ્રસ્ટને અપાતું દાન ઈન્કમ ટેક્સમાં ૮0G હેઠળ મજરે મળે છે.

જીવન સંધ્યા સુખાલયનું સંચાલન ટ્રસ્ટ બોર્ડની કુશળ નિગરાની હેઠળ યોગ્ય રીતે થાય છે. આપ કોઈ ઈચ્છો તો જીવન સંધ્યા સુખાલય ગદગની રૂબરૂ મુલાકાત લઈ સુવિધા સગવડ પ્રત્યક્ષ નજરથી નિહાળી શકો છો અને અત્રેના વડીલોને મળીને તેમને બે ઘડીનો સ્વજન આનંદ સુખ આપી શકો છો.

ટ્રસ્ટના ગદગ સ્થિત ટ્રસ્ટીઓ જેઓ અત્રે જીવન સંધ્યાનું સંચાલન કરે છે. ૧) હરિશ એમ. મુનવર-૯૩૪૧૩૧૯૨૯૫ ૨) કે.પી. શાહ-૯૪૪૮૧૨૦૯૯૩ ૩) વિરેન્દ્ર પદમશી-૯૪૪૮૧૬૫૨૫૬ ૪) ચંદ્રકાન્ત લાલજી-૯૯૪૫૨૯૯૯૮૯

# જીવનની સમી સાંજનો સહારો એટલે ગદગની 'જીવન સંધ્યા' સુખાલય





શ્રીમતી હેમાબેન ગુલાબભાઈ હિરજી છેડા અને તેમના પુત્ર નિખીલ ૨૦મી માર્ચે જીવન સંધ્યાની મુલાકાત લીધી હતી તે દરમ્યાન તેઓએ દરેક વડિલોને રૂબરૂ મળી મનપૂર્વક વાતો કરી ચર્ચા વિચારણા કરી ગતી. સ્ત્રી અને પુરૂષ વર્ગને કપડાની જોડ સાથે દૈનિક જીવન જરૂરિયાતની સાત ચીજોની એક કીટ ગીફ્ટ રૂપે આપી હતી તથા વૃદ્ધોને ખુરશી પર બેસાડી અને હડવી કસરતોની પ્રેક્ટીસ બતાવી હતી આ કસરતો તેમના શરીરને તંદુરસ્ત રાખે છે સાથે મોજ મસ્તીનું વાતાવરણ ઉભુ કરવા માટે વૃદ્ધો સાથે હાઉઝી રમ્યા હતા.

ગદગના જીવન સંધ્યાના ટ્રસ્ટીઓ તથા પદાધિકારીઓ દ્વારા કરેલ આ ઉમદા સેવાથી પ્રેરિત થઈ તુરંત જ જરૂરતમંદ કેડીઓ માટે શેઠ શ્રી હંસ ભવાનજી ખીમજી (તેરા)એ રૂા.૧ લાખની મેડિકલ સહાય માટેનું અનુદાન કર્યું હતું.

# યવતમાલના મનિષ શાહ અને સાથીદારો દ્વારા કોવિડગ્રસ્તોને સહાય





સમગ્ર દેશમાં કોરોનાનો પ્રકોપ જનજીવનને ધમરોળી રહ્યો છે. સ્થાનિક તંત્ર સાથો સાથ રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર અથાક જહેમત કરી પોતાના દ્વારા પ્રયત્નો કરી કેટલી હદે નુકસાનીથી બચી શકાય એ માટે કાર્યરત છે. લોકો આ બિમારી પ્રત્યે સજાગ, સાવધ થાય અને કોરોના અટકાવ માટે જાગૃત રહી સરકારી ગાઈડલાઈનનું સચેતથી પાલન કરે એ માટે જાગૃતિ અભિયાન સ્થાનિક તંત્ર અધિકારીઓ સાથે કરે છે.

મહારાષ્ટ્રના યવતમાલ નગરમાં સ્થાનિક કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ તેમજ પ્રશાસન તંત્ર સાથે પ્રભાગ ૧૨ના પ્રશાસન મિત્ર મનિષ શાહ ધરમશી, શતનુ શેટે વિગેરે જોડાઈ બજાર પેઠમાં ફરીન કિરાણા, ફળ, શાકભાજી, દવા વિક્રતાઓને રસીકરણ કરવા સમજાવ્યા અને કોરોનાના પ્રારંભિક લક્ષણો પ્રગટ થાય કે તુરંત પરીક્ષણ કરાવવું અને જાહેરમાં માસ્ક ધારણ કરી એકબીજાથી સુરક્ષિત અંતર જાળવવા માટેની સમજણ આપી હતી અને આ રીતે સંક્રમણ રોકવા જાગૃત રહેવાની શીખ આપી હતી. આ જનજાગૃતિ અભિયાનને લોકો તરફથી સારો આવકાર મળ્યો હતો અને નિયમ પાલનની ખાતરી મળી હતી.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5,500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિમૈયા વિશેષ પૂર્તિ

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

### શ્રી સુધર્મા પાટોત્સવ

## અચલગચ્છાધિપતિ પદ પ્રદાન




**સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતી પદ પ્રદાન મહોત્સવના પાવન અવસરે....**

**જ્ઞાતિમૈયાનો તા. ૨૨ એપ્રિલ ૨૦૨૧ નો અંક વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થશે. આ અંકમાં આપના/ શ્રી સંઘના/મહાજનના શુભેચ્છા સંદેશ આપના ફોટોગ્રાફ સાથે તા.૨૦ એપ્રિલ ૨૦૨૧ સુધીમાં મોકલવા વિનમ્ર નિવેદન છે.**

## કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજરૂા.૫૦૦/-

### જાહેરાત આપવા માટે સંપર્ક

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**મેડિકલ સમિતિ**



## માતુશ્રી વિજયાબેન શાંતિલાલ જેઠાભાઇ મૈશેરી

કચ્છ: લાલા, મુંબઇ: મુલુન્ડ/દુબઇ

**હસ્તે, તીલેશભાઈ મૈશેરી - નિલેશભાઈ મૈશેરી**

# લાઈફટાઈમ પેટ્રોન

# રૂા.૫ લાખ

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના લાઈફ ટાઈમ પેટ્રોન થનાર દાતા પરિવારની ઉદારતાને સલામ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના આકસ્મિક આપદા, ઓચિંતા રોગને કારણે આર્થિક ખર્ચની વિપદા ભોગવતા પરિવારોને રાહત આપતી યોજના છે. જે અત્યાર સુધી ૪૧ જેટલા કેસોને ટૂંકાગાળામાં મદદ આપી રાહત આપી છે. તેમના દુ:ખ, દર્દમાં સાંત્વના આપી હૂંફ ભાવના આપી છે. આ કામ ઉત્તમ રીતે થઈ શક્યું છે. ઉદાર દિલ જ્ઞાતિ દાતા પરિવારોને લીધે.

સંજીવની યોજનામાં પ્લેટિનમ સુવર્ણ રજત પેટ્રોન યોજનામાં સમયાંતરે દાતાઓ આગળ આવી પોતાનું યોગદાન આપે છે. આ યોજનામાં શિરમોર કેટેગરી એટલે લાઈફ ટાઈમ પેટ્રોન જેમાં કચ્છ લાલા, હાલ મુલુંડ-દુબઈના માતુશ્રી વિજયાબેન શાંતિલાલ જેઠાલાલ મૈશેરી હસ્તે તિલેશભાઈ મૈશેરી, નિલેશભાઈ મૈશેરીએ રૂ.પાંચ લાખનું યોગદાન નોંધાવ્યું છે. મૈશેરી પરિવારજનોની આ ઉદાત ભાવના માટે કોઈ શબ્દોથી વર્ણન ન થઈ શકે. આ પરિવારની પહેલમાંથી પ્રેરણા લઈ અન્ય દાતાઓ આગળ આવે એ કડીને જોડીને વધુ મોટી કરે એવું આપણે ઈચ્છીએ.

મેડિકલ સમિતિ માતુશ્રી વિજયાબેન શાંતિલાલ જેઠાભાઈ મૈશેરી પરિવારની અઢળક અનુમોદના કરી જ્ઞાતિ પ્રત્યેની તેમની ઉદારતાને શત શત સલામ વંદન કરે છે.

# પ્રભુ વીરનાં પંથે જનારા ૯૦ મુમુક્ષુ આત્માઓએ કોઠારા તીર્થની ભુમીને પાવન કરી કોઠારા જૈન સંઘ દ્વારા બહુમાન કરાયું





આજના કળિયુગમાં સંસારની મોહ-માયા સાથે સંસારનો ત્યાગ કરી સંયમ માર્ગે સીધાવનાર ભારતનાં જુદા-જુદા રાજ્યો અને શહેરોમાંથી ૯૦ મુમુક્ષુ આત્માઓ કોઠારા તીર્થે પધારતાં કોઠારા તીર્થની ભુમી પાવન થઇ હતી.યુવાન વયે આ ૯૦ મુમુક્ષુ આત્માઓ પોતાનાં શહેરોમાં મોજ-શોખ-નો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરશે. કોઠારા તીર્થે દર્શન પૂજા-ભાવપૂજા કરી હતી. કોઠારા શાંતિનાથ પ્રભુજીનાં વિવિધ ઔષધિઓથી પક્ષાલ કર્યા હતા. અને પ્રભુભક્તિ રંગે રંગાયા હતા.

કોઠારા તીર્થની ધન્ય ધરા પર પધારેલા અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘનાં મંત્રી શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા (સાવલા એન્ડ લોડાયા ટુર્સ) અને તેમની સંગાથે પધારેલા ૯૦ જેટલા મુમુક્ષુ આત્માઓનું શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સન્માન કરી અનુમોદના કરવામાં આવેલ.

સવારની નવકારશી તથા સંઘપૂજનનો લાભ કુમારી પુષ્પાબેન લાલજી શામજી અજાણી પરિવારે લીધેલ. બહુમુલ્ય મુમુક્ષુઓનાં બહુમાનનો લાભ ભાગ્યશાળી ૫૧ પરિવારોએ લીધેલ. સમૈયામાં હીરાલાલભાઇ જીવાણી, કાન્તીલાલ લાલકા, શાન્તીલાલ ધરમશીં સહિત સમાજનાં આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ સર્વે જોડાયા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, દીનેશ મોતા, પ્રદિપ મુનવર, વર્ધમાન લોડાયા, મહેન્દ્ર લોડાયા, નિલેશ લોડાયા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

# શ્રધ્ધાંજલિ

ભેડે મેં હટ્ડી મંઢિયું, ગિરાકી કેતરી વાર?
ખટ ત 'તેજ' એડી કરજે હલે સજી જમાર.

– 'કવિ તેજ'



## સ્વ. તેજપાલ ધારશી નાગડા (શાહ) 'કવિ તેજ'

**ગામ : નલિયા • હાલ : ગાંધીધામ**

**સ્વર્ગવાસ : તા. ૧૬-૦૪-૨૦૨૧**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
દિવસ રાત વિતતા જશે પણ યાદ તમારી આવતી રહેશે,
કલ્પના બહારની તમારી વિદાય અમારુ કાળજું કંપાવી ગયું,
તમારી યાદ હંમેશાં અમારી સાથે રહેશે.

–: શોકાતુર :–

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા**
**શ્રી પાંજરાપોળ ગૌશાલા ચેરિટેબલ ટ્રસ્ટ નલીયા**
**ટ્રસ્ટીગણ અને સર્વ ગામવાસીઓ**

# રોટરેક્ટ ક્લબ ઓફ માંડવી દ્વારા ટીકા મહોત્સવ સફળતાપૂર્વક કરાયું

તા.૧૨ એપ્રિલ સોમવારના રોજ કચ્છ પ્રદેશના રળિયામણા બંદરીય શહેર માંડવીની રોટરેક્ટ ક્લબ દ્વારા કોરોના રસીકરણ કેમ્પનું આયોજન જૈન નૂતન સ્કૂલ મધ્યે સફળતાપૂર્વક કરાયું. જેમાં રસીકરણના પ્રથમ તેમજ દ્વિતીય બંન્ને ડોઝ જે તે વ્યક્તિઓને આપવામાં આવ્યા હતા. ટીકા મહોત્સવ પ્રસંગે એક ૯૦ વર્ષના દાદી એ રસી મૂકાવી હતી અને અન્ય લોકોને રસીકરણ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી. ત્યારે સંસ્થા વતી આ વડીલમાજીનું સન્માન કરવામાં આવ્યું હતું અને આ ઉંમરે તેઓશ્રીનું પ્રેરણાદાયી પગલું સૌને માટે પ્રેરક બની રહેશે એવી ભાવના વ્યક્ત કરાઈ હતી.

આ રસીકરણ કેમ્પમાં ઉપસ્થિત શાળાના પ્રિન્સિપાલ પુનીતભાઈ વાસાણી, શિક્ષિકા પિનાકીનીબેન સંઘવી, ડૉ.નેહલ ડાંગર, નાથાણીભાઈ તેમજ અન્ય સ્ટાફનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરાયું હતું. તેમજ રસી લેનાર સૌને સંસ્થા દ્વારા માસ્ક, બિસ્કિટ અને પાણીની બોટલ આપવામાં આવી હતી. રોટરેક્ટ ક્લબ પ્રમુખ સિધ્ધાર્થ બજાણિયા, મંત્રી જયવીર પટવા, PDRR રોની વૈષ્ણવ, પ્રોજેક્ટ ચેરમેન પારસ સંઘવી અને લાંટિક શાહ સભ્યો નીરવ ઠક્કર, વર્શિપ શાહ, કુણાલ ડાઘા, કેવલ સંઘવી, હાર્દિક ચૌહાણ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યું.




# પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. સુથરી તીર્થમાં પધાર્યા





તા.૧૦ એપ્રિલ શનિવાર સાંજે કચ્છ અબડાસા પંથકના સુથરી તીર્થમાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. માં પધારયા ત્યારે સંઘના શ્રાવક શ્રાવિકાઓના હૈયે હેત ભાવના ઉમંગ હિલોળા ઉમટ્યા હતા. પૂજ્યશ્રીઓનું વાજતે ગાજતે સામૈયું કરાયું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. નિલેશ એમ. પોલડીયા

**ગામ : બાયઠ, હાલ – બાયઠ**

**સ્વર્ગવાસ : તા.૧૫-૪-૨૦૨૧**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્યકાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, બાયઠ**
**ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ, બાયઠ**

# શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ મેઘજી પોલડીયાનું નિધન



મૂળ બાયઠ હાલે માંડવીના અને શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી નિલેશભાઈ મેઘજી પોલડીયાના આકસ્મિક નિધનથી સમસ્ત જ્ઞાતિ સમાજને અખૂટ ખોટ પડી છે. સદ્‌ગતશ્રીએ બાયઠ ગામની તેમજ વિવિધ સંસ્થાઓમાં અઢળક સેવા પ્રદાન કરી ચાહના મેળવી હતી. તંદુરસ્ત વિચાર, યર્થાથ શબ્દો તથા તટસ્થ મૂલ્યાંકન દ્વારા ગામ તેમજ જ્ઞાતિજનોના હૃદયમાં અમીટ સ્થાન તેમણે જમાવ્યું હતું.

તેઓશ્રીના નિધન બદલ શ્રી સમસ્ત મહાજનના પદાધિકારીઓ, સર્વે ટ્રસ્ટીગણ મહાસમિતિના સભ્યો તથા સર્વે કમિટી સભ્યો દ્વારા શોક સંદેશ પત્ર પરિવારને મોકલાયો હતો.

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ દ્વારા સમસ્ત મહાજન મહાસમિતિ માટે બે નામો સૂચિત કરાયા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા નવી ટર્મ માટે મહાસમિતિના સભ્યોની નિમણુંક સમગ્ર ભારતમાંના મહાજનો એકમો દ્વારા સૂચવાયેલ નામોની યાદી તૈયાર કરાઈ છે. જેમાં બાકી રહેલ નામોમાંથી શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમ દ્વારા બે નામો ૧) નીશિથ આણંદીલાલ દંડ, વડોદારા મધ્ય ગુજરાત વિસ્તાર ૨) રાજેશ ખીમચંદ ધરમશી, અમદાવાદ ઉત્તર ગુજરાત વિભાગની નિમણુંક ભલામણ કરાઈ છે. બાકી રહેતા હાલાર જામનગર વિસ્તારના પ્રતિનિધિનું નામ બે ત્રણ દિવસમાં આપવાનું પશ્ચિમ એકમના સેક્રેટરી મુકેશ માણેકજી લોડાયા દ્વારા કહેવાયું છે.

# કોઠારા જૈન ભોજન શાળા તથા અતિથિગૃહનાં દાતાશ્રીઓનું અવસાન થતાં અંજલિ અપાઈ

કોઠારા જૈન ભોજનશાળાનાં દાતાશ્રી શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશીં મોતા તથા કોઠારા હીરા-જ્યોતિ જૈન અતિથિગૃહનાં દાતાશ્રી માતુશ્રી કસ્તુરબાઇ વાલજી ધરમશીનું અવસાન થતાં શ્રી કચ્છી દશા-ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી કોઠારા દ્વારા એક શોકસભા હીરાલાલભાઇ ખીયશીં જીવાણીનાં પ્રમુખપદે યોજાઇ હતી.

બંને દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી અંજલિ અર્પણ કરી શોક ઠરાવ પસાર કરવામાં આવેલ. પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા તથા ઉપસ્થિત સર્વે ભાઇ-બહેનોએ શ્રદ્ધાંજલિ આપી હતી. મુંબઇ મધ્યે નલીનભાઇ અજાણી તથા સર્વે ટ્રસ્ટી ગણે અંજલિ આપી હતી.

# શ્રી વાપી અચલગચ્છ જૈન સંઘમાં મ.સા.ની પધરામણી

શ્રી ગૌતમ ગુણવિહાર, પાલી તીર્થ પ્રેરક ગુરૂગુણ કૃપા પાલીતીર્થ પ્રેરક, ગુરૂગુણ કૃપાપાત્ર, કચ્છ કોહિનૂર, મારવાડ રત્ન, પ.પૂ.ગુરૂદેવશ્રી કમલપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ૪ એવં પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી આદિ ઠાણા-૩ શ્રી વાપી અચલગચ્છ જૈન સંઘના આંગણે તા.૧૧ એપ્રિલ રવિવારના દિને પધારયા.

સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ સરકારી ગાઈડ લાઈન્સને અનુસરી સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક ધારણ કરી નિયમ પાલન કરી દર્શન વંદનનો લાભ લીધો હતો. ગુરૂદેવ બધા શાતાપૂર્વક મુંબઈ તરફ આગળ વધી રહ્યાં છે.

# ભાંડુપ સંઘમાં શાશ્વતા આયંબિલ ઓળી આરાધના તપસ્વીઓ માટે ટિફિનની વ્યવસ્થા માટે સૂચના

તા.૧૮ એપ્રિલ રવિવારથી શરૂ થતી ચૈત્રી માસની શાશ્વતા આયંબિલની ઓળી આરાધના કરતા તપસ્વીઓ માટે ભાંડુપ સંઘ દ્વારા તપસ્વીઓ માટે ટિફિનની વ્યવસ્થા કરવાની ભાવના ધરાવે છે. ૨૦ જણથી ઉપર નામ ઓળી માટે આવશે તો વ્યવસ્થા કરવાની છે. પુણ્યશાળી આયંબિલ તપની આરાધના કરનાર તપસ્વીઓને આ માટે નામ લખાવવા માટે વીપુલ લોડાયા-૯૮૨૦૮૮૫૭૧૭નો સંપર્ક કરવો જેથી સુયોગ્ય વ્યવસ્થા કરી શકાય એવું શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા જણાવાયું છે.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ.નિલેશ એમ. પોલડીયા

ગામ : બાયઠ, હાલે - બાયઠ

સ્વર્ગવાસ : તા.૧૫-૪-૨૦૨૧

વ્યક્તિ બનીને નહિ,
પણ વ્યક્તિત્વ બનીને જીવી ગયા...
કેમકે, વ્યક્તિ એક દિવસ વિદાય લઈ લે છે,
પણ વ્યક્તિત્વ હંમેશા જીવંત રહે છે....

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડ**

## કેડીઓ જ્ઞાતિ સાહિત્ય રત્ન ખોયો

# નલિયા મહાજનના ભૂતપૂર્વ ટ્રસ્ટી 'કવિ તેજ'નો અવાજ વિરમયો



મૂળ નલિયાના હાલે ગાંધીધામ રહેવાસી તેજપાલ ધારશી નાગડા (શાહ) ઉ.વ.૮૩નું નિધન તા.૧૬ એપ્રિલ શુક્રવાર રોજે થયું. સામાન્ય પરિવારના અને ઓછું ભણતર હોવા છતાં સરસ્વતી માતાની કૃપા તેમની ઉપર રહી હતી. તેમની રચનામાં ટૂંકાણ છતાં ઊંડો તત્વજ્ઞાન દર્શન મળતો હતો. સ્વભાવે પ્રકૃતિ પ્રેમી અને આજુબાજુના જીવન વ્યવહારમાંથી કાવ્ય તત્વ શોધીને શબ્દોમાં ઢાળતા હતા. શાંત, સરળ સ્વભાવ અને મેડાવાના માનવી તેઓ હતાં. નલિયા મહાજનના તેઓ ભૂતપૂર્વ ટ્રસ્ટી પણ હતા. તેઓ કચ્છી સાહિત્યના અણમોલ રત્ન હતા. તેમની વિદાય કચ્છી સાહિત્ય માટે અખૂટ ખોટ છે જે ક્યારે ભરપાઈ થઈ શકશે નહીં. નલીયા ખાતે ચર્તુથ જ્ઞાતિ સંમેલનમાં તેમનું જ્ઞાતિ ભૂષણ તરીકે સન્માન કરાયું હતું.

# યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧૩૬ દિવસની ૧૧ સીમંધર સ્વામી આરાધનાની સમાપના થઈ

તા. ૫ એપ્રિલ સોમવારના પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧૩૬ દિવસની તીર્થંકર શ્રી સિમંધર સ્વામી ભગવાનની વિશિષ્ટ મહાસાધના સેક્ટર ૨૯ નવી મુંબઈ વાશી સંઘમાં સમાપન થઈ. ૧૩૬ દિવસની સાધનામાં ૩૦૦ કલાકના મૌન ૧૦૦૮ લોગ્સના કાઉસગ ૨૨૩૬ પરિવારો સમ્મલિત થઈ નિત્ય સિમંધર ભક્તિમાં જોડાયા. પૂજ્યશ્રીના પારણા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતમાં થયા.

ધ્યાન યોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. તા. ૭ એપ્રિલના દિને શ્રી સહસ્ત્ર ફણા પાર્શ્વનાથ જૈન મંદિર માટુંગામાં પધાર્યા. અત્રે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની છત્રછાયામાં ૨૨ દિવસ સ્થિરતા કરશે. વર્તમાન કાળમાં મહાનગરમાં વધી રહેલા કોરોના પ્રકોપને લક્ષમાં લઈ ૩૦ એપ્રિલ પર્યંત ગુરૂ દર્શન વંદન માટે કોઈએ આવવું નહીં.

# કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા જ્ઞાતિબંધુઓને બે દિવસનો સ્વૈચ્છિક લોકડાઉન પાળી રાષ્ટ્રને મદદરૂપ થવા અપીલ કરી

શ્રી કેડીઓ જ્ઞાતિ મહાજન અમદાવાદએ દેશના દરેક રાજ્યોમાં વધતા જતાં કોરોના પ્રકોપ પર અંકુશ આવે એ માટે સ્થાનિક તંત્ર, રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર સૌ મળીને સતત અને સખત પ્રયાસ કરી રહ્યાં છે. તેમના પ્રયત્નોમાં સર્વે નાગરિકો સહકાર આપી સાથ આપે એ એક એક જાગૃત નાગરિકની પવિત્ર ફરજ બની રહે છે. આ માટે પરિવાર પછી જ્ઞાતિ ત્યાર બાદ સમાજ, શહેર, જિલ્લો, રાજ્ય અને છેલ્લે સમગ્ર દેશ આ રીતે સચેત અને સાવધાની રાખી સ્વૈચ્છિક આચાર સંહિતા પાળે તો કોરોના સંક્રમણની ચેઈન આગળ વધતી તૂટે.

એ ધ્યાનમાં રાખીને જ્ઞાતિજનોની સુરક્ષા તેમજ સ્વસ્થ આરોગ્યને કાળજી લક્ષમાં લઈ તા.૧૭ અને ૧૮ એપ્રિલ શનિવાર તેમજ રવિવારના કેડીઓ મહાજનના દરેક નાના મોટા સભ્યો શક્ય હોય તો સ્વૈચ્છિક લોકડાઉનનું પાલન કરી સમાજ તેમજ સ્વ રાષ્ટ્રને મદદરૂપ થઈ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા વિનંતી કરી હતી. આ દિવસોમાં સૌ એકબીજાને મળી નથી શકતા કે વિચારી, સૂઝાવોની આપલે નથી કરી શકતા પણ રવિવારે સાંજે ૫ કલાકે એક ઝૂમ એપ મિટીંગ દ્વારા સૌ ભેગા થઈ આ મહામારી સામે સમાજને કેવી રીતે સુરક્ષિત રહી જ્ઞાતિ બાંધવોને મદદરૂપ થઈ શકીએ એની ઉપર ચર્ચા કરવાનું આહવાન આપ્યું.

સાંજે ૫ થી ૬ની ઝૂમ મિટિંગ પછી શ્રી રામાપીર અને શ્રી ભલારાદાદાની સમૂહ આરતી સાથે મળીને કરવાની યોજના મહાજન દ્વારા કરાઈ છે. અમદાવાદ મહાજનની આ પહેલ ખરેખર અનુમોદનીય છે અને આજના કપરા સંજોગોમાં જરૂરી છે તથા સમાજ તેમજ રાષ્ટ્ર માટે ઉપયોગી થઈ રહે એવી છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

-: જન્મ :-
તા.૦૯-૦૬-૧૯૪૬



-: સ્વર્ગવાસ :-
તા.30-03-૨૦૨૧

## સ્વ. હિરાચંદ વેલજી ઘેલાભાઈ છેડા

Founder : Fibrol Non Ionics Pvt. Ltd.

ગામ : સુથરી, હાલ - મુલુંડ

લોહીની સગાઈથી વધુ આત્મિયતા જયાં સમાઈ છે,
વખત પડે સાથ આપવાની કરી જેણે ભલાઈ છે,
વર્તાશે ખોટ, જેમના હૈયે સાચી પ્રિત સમાઈ છે,
મામાના સ્વભાવની એજ સાચી કમાઈ છે.
નત મસ્તકે વંદન કરતા અરિહંત પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે
સ્વજનને આપજો નિજ શરણામાં સ્થાન...

મામા આપે કંડારેલ કેડીથી આપણે સમાજ અને કુટુંબની ઘણી સેવા કરી અને
એ જ રીતે અમે ભવિષ્યમાં કરતા રહેશું અને પણ આપના દિવ્ય સપનાઓને સાકાર કરીશું

-: શોકાતુર :-

બહેન : દમયંતીબેન ચિમનલાલ નાગડા
ભાણેજ : સંજય ચિમનલાલ નાગડા
સાધના સંજય નાગડા
ધ્વનિ નિશાંત સંજય નાગડા
ભૈરવી સંજય નાગડા

શ્રધ્ધાસુમન : માતુશ્રી હિરબાઈ વેલજી ઘેલાભાઈ છેડા પરિવાર, સુથરી

# કચ્છી સાહિત્યના તેજ સિતારા 'કવિ તેજ'ને કચ્છી સંતશ્રીની ભાવાંજલિ



શિવમસ્તુ જૈન તીર્થ માંડવીના પ્રણેતા કચ્છી સંત પ.પૂ.મુનિશ્રી પૂર્ણાભદ્રસાગરજી મ.સા. એક સંદેશમાં જણાવ્યું છે કે કવિને કવિ સાથે સહેજે પ્રેમ લાગણીનો નાતો હોય. ૩૫ વર્ષ પહેલાં નલિયાના બાળાશ્રમમાં મારો કવિ તેજ સાથે પ્રથમ પરિચય થયો હતો. ત્યાર પછી એમના કચ્છી સાહિત્યના રસમય વાંચનથી મને એમની રચનાઓ પ્રત્યે ખૂબ લગાવ જાગેલો. હું મારા પ્રવચનોમાં કવિ તેજની માર્મિક અને ધર્મ બોધક કાવ્ય પંક્તિઓ અવાર નવાર ઉલ્લેખ કરતો રહ્યો છું.

એમના કચ્છી સાહિત્યના મેળાવડામાં ઘણીવાર હાજરી આપવાનું બન્યું છે. પર્સનલ રીતે પણ અનેકવાર કલાકો સુધી કાવ્ય સત્સંગ માણેલ છે. શિવમસ્તુ તીર્થમાં ઘર દેરાસરના મૂળ નાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ કવિ તેજના નલિયાના પોતાના ઘરે ૧૪-૧૪ વર્ષથી રહેલા ઘર મંદિરમાંથી અહીં પધરાવેલ છે. જે મૂર્તિ સમક્ષ કવિ તેજ એ લાખોના મંત્ર જપ કરેલ છે. આવા મારા નિકટના લાગણી સભર કવિ હૃદય તેજની વિદાયથી હું વ્યથિત થયો છું. આ અવસરે એમની અમર કૃતિઓને યાદ કરી મારા અંતરની ભાવ શ્રધ્ધાંજલિ અર્પુ છું.

---

# નેહા મહેશ મોતાને સરકાર તરફથી મળેલ રૂા.૧૦.૬૦ લાખની સ્પોન્સરશીપ

ભારત સરકારનાં અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય તર્ફે મેરીટ (MCM) સ્કોલરશિપની ઉચ્ચત્તમ શિષ્યવૃત્તિ પ્રદાન.

મહેશભાઈ કાંતીલાલ ભવાનજી મોતા (જલગામ કુઆપધ્ધર) ની સુપુત્રી ચિ. નેહા મહેશ મોતાને ભારત સરકારના કેન્દ્રીય વિભાગના અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય તર્ફે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧ માટે મેરીટ (MCM) સ્કોલરશિપ અંતર્ગત! રૂા.૧૦.૬૦ લાખની શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવેલ છે! ગત વર્ષે પણ આટલી જ સ્કોલરશીપ મળેલ હતી.

સંભવત : કદાચિત આપણી સમગ્ર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિમાંથી પ્રથમ જ આ દિકરી હોઈ શકે જેને આટલી મોટી સરકારી શિષ્યવૃત્તિનો લાભ પ્રાપ્ત થયેલ હોય!



નેહા મહેશ મોતા

હાલમાં ચિ. નેહા ભારતની સર્વોતકૃષ્ટ અને સર્વોચ્ચ શૈક્ષણિક સંસ્થાન I.I.M. BANGALORE INDIAN INSTITUTE OF MANAGEMENT BANGALORE (IIMB) માં M.B.A.નાં દ્વિતીય વર્ષમાં ભણે છે. જે આપણી સમગ્ર જ્ઞાતિ માટે કદાચ ગૌરવનો વિષય બની શકે કે આ દિકરી ભારતની સર્વોચ્ચ શૈક્ષણિક સંસ્થાન I.I.M. માંથી MBA કરનારી જ્ઞાતિ દિકરીઓમાં સંભવિત પ્રથમ દિકરી હોવાની સંભાવના તો ખરીજ!

આ પુર્વે તેનું શાલેય અભ્યાસ પ્રોગ્રેસિવ ઈંગ્લિશ મિડીયમ સ્કુલ, જલગાંમથી દસમી સુધીનું થયું હતું તો બારમી સુધીનો અભ્યાસ મુળજી જેઠા કનિષ્ઠ મહાવિદ્યાલય, જલગાંમથી સઁપન્ન થયો. ગવર્મેન્ટ કોલેજ ઑફ ઈન્જિનીયરીંગ, પુના (COEP) થી B.TECH ની ડિગ્રી ETC વિભાગમાંથી ૩જા ક્રમાંક સાથે મેળવી હતી.

દિલ્હીની નેશનલ ટેલેન્ટ સ્કોલરશિપ (૨૦૦૯), NCERTની ઈન્સ્પાયર્ડ એવાર્ડ ધુલીયા નંદુરબાર)માંથી પ્રથમ આવેલ હતી.

તેને મળેલાં અદ્‌ભૂતપૂર્વક સફળતાને જ્ઞાતિસ્તરેથી અચરજ સાથે કૌતુક થઈ રહ્યું છે. આગળ પણ ભાવી જીવનમાં આમ જ ઉત્તરોત્તર પ્રગતીનાં પંથ સોપાન સર કરતા રહો.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## પ્રફુલ્લભાઈ ચીમનલાલ મોતા

**જેમને "PC" ના હુલામણા નામે અમે સંબોધતા હતા.**

ઓછું બોલવું, કાર્ય વધુ કરવું,
હસમુખો ચહેરો, સમર્પણભાવ અનેરો
સહુ ની સાથે રહેવું, એવા એમના સંસ્કાર,
પ્રેમ ભાવના હતી પારાવાર.
દેશ વિદેશ ફરવા નો શોખ હતો ભરપૂર,
જીવન પંથ સદા રહેશે એમનો યાદગાર.
છોડી સૌનો સાથ **"PC"** આપે લીધી 'વિદાય',
સદાય હસતું મુખ, હતો મિલનસાર 'સ્વભાવ'
વ્યક્તિત્વની આભાનિરાળી, હૈયે 'નિખાલસ ભાવ'
તેરા ગામ આપે આપને શ્રધ્ધાંજલિ ના સદભાવ.

આકસ્મિક અને અણધાર્યા નિધનથી તેમના પરિવારને, તેરા ગામ અને મુંબઈ મહાજનના એક મૂઠી ઊંચેરા સદસ્ય અને ડોનર હોવાથી, સર્વેને મોટી ખોટ પડી છે તેઓ તે.કુ.લા.ધુ. (તેરા, કુવાપધર, લાખણીયા અને ધુફી) જૈન યુવક સંઘ મુંબઈ ના પણ પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે અને ત્યારે તેમના નેજા હેઠળના ઘણા જ કાર્યક્રમોમાં, કાર્યરત રહી યશકલગી તેમણે પહેરી છે. તેમાં મુખ્યત્વે છ ગાઉની યાત્રા તથા શ્રી જીરાવલ્લા દાદાની રાજસ્થાનની યાત્રા હંમેશા બધાને યાદ રહેશે. વિવિધ યાત્રાઓ યોજવા તેઓ હંમેશા તત્પર રહેતા.

એમની વસમી વિદાયથી પરિવારજનોને આવી પડેલું અણધાર્યું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને પરમ કૃપાળુ પરમાત્મા શ્રી જીરાવલ્લા અને શામળિયા દાદા **પ્રફુલ્લ ભાઈ** ના આત્માને જ્યાં હોય ત્યાંથી જલ્દીથી પરમ પદ એટલે કે મોક્ષ તરફ લઈ જાય એવી આમારા સહુ તરફથી અભ્યર્થના સાથે પ્રાર્થના.

-: લી :-

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ તેરા**
**શ્રી તે.કુ.લા.ધુ. (તેરા, કુવાપધર, લાખણીયા અને ધુફી) જૈન યુવક સંઘ મુંબઈ**

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ- મુલુંડ દ્વારા મુલુંડમાં ક્વોરન્ટાઈન જ્ઞાતિજનો માટે બન્ને ટાઈમ ટિફીનની વ્યવસ્થા કરાઈ

મુલુંડમાં વસતા સર્વે જ્ઞાતિજનો આપ સર્વે આ કપરા સમયમાં પોતાના તેમજ કુટુંબના સભ્યોના આરોગ્ય બાબત યોગ્ય તકેદારી લઈ રહ્યા હશો. શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ- મુલુંડ આપની સ્વસ્થતા ઈચ્છે છે. તેમજ વિનંતી કરે છે કે સરકાર દ્વારા તેમજ ડોક્ટરો દ્વારા સ્વાસ્થય અંગે સમયાંતરે આપતા સુચનોનું પાલન કરતા રહેજો.

સર્વોદય મંડળ દ્વારા વર્તમાન પરિસ્થિતિ ને અનુલક્ષી કોરોનાગ્રસ્ત હોમ ક્વોરન્ટાઇન મુલુંડના જ્ઞાતિજનો માટે બપોર અને સાંજે જમવાના ટિફિન આપના નિવાસ સ્થાને પહોંચે એ મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ટિફિન સર્વીસ માટે જ્ઞાતિજનો આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો. સંપર્કઃ મયુર ધુલ્લા-૯૮૨૦૦૯૧૯૧૯, જીગ્નેશ મોતા-૯૮૨૧૪૪૨૦૦૫, રોપિન નાગડા-૯૩૨૩૪૭૫૮૩૭, કલ્પેશ શાહ-૭૦૨૧૪૧૧૭૪૮, સંદીપ શાહ-૯૮૬૭૧૬૭૩૮૭.

મંડળ દ્વારા મુલુંડના જરૂરીયાતમંદ જ્ઞાતિજનો માટે નક્કી કરેલ ધારા ધોરણ મુજબ આર્થિક એવમ મેડિકલ સહાય (બિન-વીમા પોલિસી ધારક) અંગે કાંઈ પણ જાણકારી જોઈતી હોય તો અહીં નીચે આપેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી.

સંપર્કઃ યશોધન કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭, રાજેન્દ્ર ધુલ્લા-૯૩૨૩૯૮૪૨૨૧, પ્રેમ ચુરલા-૯૮૨૦૨૯૧૮૬૯, અનિક ધરમશી-૯૮૩૩૬૬૨૦૫૦, ભૌમિક શાહ-૯૯૬૭૦૩૨૧૦૦, નિશાંત નાગડા-૯૮૭૦૩૩૭૩૭૮.

# કચ્છ સાંયરા નગરે પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા.ના ભદ્રતપનું પારણું થયું





તા.૧૦ એપ્રિલ શનિવાર રોજે કચ્છ પ્રાંતના અબડાસા તાલુકાના રળિયામણા સાંયરા નગર ગામે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા.ના ભદ્રંતપનું પારણું શાતાપૂર્વક થયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓના હૈયે ઉછળતા ભાવ આનંદ અને ધર્મભક્તિના માહોલને લીધે ઓચ્છવનો ઉત્સાહ હિલોળે ચડ્યો હતો.





# ભાવભીની શ્રદ્ધાંજલિ


જેઠીબાઈ લાલકા
તા.૧૦ એપ્રિલ (ઉ.૯૪)
લાલા-જખૌ


ચંદ્રકાંત નાગડા (કક્કા)
તા.૧૦ એપ્રિલ (ઉ.૬૮)
નલિયા-ઘાટકોપર


ચેતનાબેન દોશી
તા.૧૦ એપ્રિલ (ઉ.૫૬)
સેવક ભરૂડીયા


તિલક ખોના
તા.૧૧ એપ્રિલ
મોટી ખાવડી-મુલુંડ


મીનાબેન મૈશેરી
તા.૧૧ એપ્રિલ (ઉ.૭૩)
સાંધાણ-અંતરજાળ


રંજન લોડાયા
તા.૧૧ એપ્રિલ (ઉ.૭૧)
ગોરખડી


જ્યોતિ મોતા
તા.૧૨ એપ્રિલ (ઉ.૬૧)
વાંકુ-ભોપાલ


ઉત્તમ ડાઘા
તા.૧૨ એપ્રિલ (ઉ.૫૭)
દલતુંગી-ડોંબિવલી


નિખીલ લોડાયા
તા.૧૨ એપ્રિલ (ઉ.૪૨)
રાપર-નવાપુર


રાયચંદ ધરમશી
તા.૧૩ એપ્રિલ (ઉ.૭૦)
કોઠારા-વિરાર


પ્રફુલ મોતા
તા.૧૩ એપ્રિલ (ઉ.૫૯)
તેરા-ઘાટકોપર


નિલેશ પોલડીયા (પટેલ)
તા.૧૩ એપ્રિલ (ઉ.૫૧)
બાયઠ


રાયચંદ ધરમશી
તા.૧૩ એપ્રિલ (ઉ.૭૦)
કોઠારા-બાંદ્રા


જયાબેન પોલડીયા
તા.૧૩ એપ્રિલ (ઉ.૮૩)
બાયઠ-નાંદેડ


મુકેશ નાગડા (પટેલ)
તા.૧૪ એપ્રિલ (ઉ.૬૧)
નલીયા-નાશીક


સુરેશ ડાઘા
તા.૧૪ એપ્રિલ (ઉ.૭૫)
દલતુંગી-ડોંબિવલી


શીલા મોમાયા
તા.૧૪ એપ્રિલ (ઉ.૬૯)
તેરા-અમદાવાદ


ડીમ્પલ ડાઘા
તા.૧૪ એપ્રિલ (ઉ.૫૩)
વરાડીયા-થાણા


કપિલ દંડ
તા.૧૫ એપ્રિલ (ઉ.૩૮)
સેવક ભરૂડીયા-સિહોરા


અશોક નાગડા
તા.૧૫ એપ્રિલ (ઉ.૬૨)
જખૌ-જલગામ




શરદ નાગડા
તા.૧૫ એપ્રિલ (ઉ.૭૫)
નલિયા-પુના


જયચંદ દંડ (શાહ)
તા.૧૬ એપ્રિલ (ઉ.૮૩)
છાદુરા-ધુલીયા


તેજપાલ શાહ (નાગડા)
તા.૧૬ એપ્રિલ (ઉ.૮૪)
નલિયા-ગાંધીધામ


હેમલતા ધરમશી
તા.૧૭ એપ્રિલ (ઉ.૬૭)
સેવક ભરૂડીયા-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા પંથકમાં ડિસે. જાન્યુઆરીમાં ૧૨ થી ૧૫ ગામોમાં સક્કરટેટીનું વાવેતર થયા પછી હવે તેનો મબલખ પાક ઊતરવા લાગ્યો છે. આ વિસ્તારના ૧૦૦ જેટલા ખેડૂતો એ સક્કરટેટીનું વાવેતર કર્યું હતું. છેલ્લા દસેક દિવસથી દૈનિક ૪૦ થી ૫૦ ટન જેટલો ફાળ ઊતરી રહ્યો છે. જેને ખરીદવા જામનગર, રાજકોટ, અમદાવાદ, જૂનાગઢ સહિતના દૂરદૂરના સ્થળેથી વેપારીઓ અબડાસામાં પહોંચી આવ્યા છે. સારા ઉતારાના પગલે ખેડૂતો ખુશખુશાલ છે.

● મુંદ્રા પોર્ટ ખાતે અદાણી ફાઉન્ડેશન અને બ્રિટાનિયા કંપનીમાં રોજગારી મેળવતી ૩૦૦ જેટલી બહેનો આત્મનિર્ભર બનતા તેમનું સન્માન કરાયું. બહેનો કામ સાથે આરોગ્યનું જતન કરે તથા અન્ય બહેનોને આત્મનિર્ભર બનવા મદદ કરે તેવા પ્રયત્નો કરવા અનુરોધ કરાયો હતો. કાર્યક્રમમાં જાતે સંઘર્ષ કરી ભારતભરમાં આગવી ઓળખ ઊભી કરનાર કૌન બનેગા કરોડપતિના કર્મવીરાંગના પાબીબેન રબારી જાતે કેવી રીતે આગળ આવ્યા અને અનેક બહેનોને આત્મનિર્ભર બનાવી છે તે વિસ્તૃત રીતે જણાવ્યું હતું.

● ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયને રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમાંકે શ્રેષ્ઠ શાળા જાહેર કરાતા શાળા પરિવાર સહિત જિલ્લાના શિક્ષણપ્રેમીઓમાં આનંદની લાગણી વર્તાઈ છે. રાજ્ય શિક્ષણાધિકારી કચેરી દ્વારા જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ માટે દરખાસ્તો મંગાવવા આવી હતી. જેમાં શાળાનું બોર્ડનું પરિણામ શિક્ષણની સાથો સાથ સાંસ્કૃતિક તેમજ રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાએ રમતગમત સહિતની પ્રવૃતિઓમાં શ્રેષ્ઠતા વિગેરે માપદંડના આધારે માતૃછાયા કન્યા વિદ્યાલયને રાજ્ય કક્ષાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરાઈ અને રૂા. પાંચ લાખના પુરસ્કાર યોગ્ય ગણી.

● ભુજ એરપોર્ટના રનવેનું રિસર્ફેસિંગ કામ થવાનું હોવાથી ભુજ મુંબઈ ભુજની વિમાની સેવા દોઢેક મહિનો બંધ રહેવાની છે તે હંગામી ધોરણે કંડલા એરપોર્ટથી ચલાવવાની માંગણી વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ કરી છે. કચ્છના અનેક લોકો દાયકાઓથી વિદેશમાં સ્થાયી થયા છે. કચ્છ જિલ્લો અત્યંત વિશાળ છે અને રાજ્યનું ઔદ્યોગિક મથક છે. મુંદરા અને કંડલા બંદર મુંબઈથી સીધું જોડાણ ધરાવે છે. મુંબઈ વિમાની સેવા માત્ર ભુજ માટે ઉપલબ્ધ છે એ સેવા બંધ રખાય તો આંતરરાષ્ટ્રીય ઉડાનો દ્વારા મુંબઈ ઉતરતા કચ્છના એન આર આઈ, વ્યવસાયિકો, ઉદ્યોગક્ષેત્રના અધિકારીઓને હાલાકી ભોગવી પડે એ લક્ષમાં લેતા તાત્પૂરતી કંડલા એરપોર્ટ સંચાલિત કરવાનું સૂચન કરાયું છે.

● કોરોનાના કારણે સમય પર ન રમાયેલી ચોવીસી ગામોની લેવા પટેલ યુવક સંઘ આયોજિત બોક્સ ક્રિકેટ સ્પર્ધા તાજેતરમાં ભુજ સમાજના આર.ડી. વરસાણી વિદ્યાલયના મેદાનમાં રમાઈ. જેમાં ચોવીસીની ૩૮ ટીમો મહિલા અને યુવતી વિભાગમાં ઉતરી હતી અને કુલ્લ ૨૨૮ મહિલા ખેલાડીઓ ભાગ લીધો.

● ગુજરાતનું ભાગ્યે જ કોઈ શહેર પટેલ ટૂર્સ ટ્રાવેલ્સના નામથી અજાણ હશે. મૂળ કચ્છની આ ટ્રાવેલ્સ પેઢી ધંધો બંધ કરવાની જાહેરાત કરતા સમગ્ર કચ્છી સમાજને આંચકો લાગ્યો છે. કંપનીના માલિક મેઘજીભાઈ ખેતાણીના જણાવ્યાનુસાર કોરોનાના કારણે ઓછો ટ્રાફિક ભારે ટેક્સ અને રોજિંદા ખર્ચામાં વધારાને કારણે સ્થિરતાથી ટકવું મુશ્કેલ હોતા ૨૦૨૨ સુધી બધી બસો વેંચી ધંધો સમેટી લેશે. મૂળ નારણપર તા. ભુજના હાલે અમદાવાદ સ્થાયી થયેલ મેઘજીભાઈ ખેતાણી ૧૯૮૬ થી ધંધો શરૂ કરેલ અને ૨૫૦ આધુનિક લકઝરીયસ બસોનો કાફલો ધરાવે છે. પિતાજી એ સોંપેલી વિરાસત કુંવરજી ટ્રાન્સપોર્ટના પૈંડા મજબૂરીને કારણે આખરે થંભાવા પડ્યા છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**